# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/150 Dt. 22/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરની ભારતના કેન્દ્રિય નાણાં મંત્રી અને સીબીડીટી ચેરમેનને નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટેના ટેક્ષ ઓડિટ રિપોર્ટ્સ તથા પબ્લિક ટ્રસ્ટ અને સોસાયટીના નોંધણીના રિન્યુઅલ્સ રજૂ કરવાની તારીખ લંબાવવા માટે લેખિતમાં રજૂઆત

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ભારતના કેન્દ્રિય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેક્ષીસ (સીબીડીટી)ના ચેરમેન શ્રી રવિ અગ્રવાલ (IRS)ને નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટેના ટેક્ષ ઓડિટ રિપોર્ટ્સ તથા પબ્લિક ટ્રસ્ટ અને સોસાયટીના નોંધણીના રિન્યુઅલ્સ રજૂ કરવાની તારીખ લંબાવવા માટે લેખિતમાં રજૂઆત પાઠવવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરે નોંધ્યું છે કે, ભલે બિન–ઓડિટ ફાઇલર્સ માટે તારીખમાં વધારો આપવામાં આવ્યો છે, પરંતુ ટેક્ષ ઓડિટ હેઠળ આવતા વ્યાવસાયિકો તથા કરદાતાઓને હજી પણ પોર્ટલની ખામીઓ, અંતિમ આઇટીઆર યુટિલિટી મોડેથી બહાર પડવી, ફોર્મેટમાં અનેક ફેરફારો તથા ઓછી કાર્યકારી દિવસોની સંકુચિત કેલેન્ડરની મુશ્કેલીઓનો વારંવાર સામનો કરવો પડી રહ્યો છે. જો આ બાબતોનું નિરાકરણ નહીં આવે તો રજૂઆતમાં ભૂલો થવાની શકયતા રહેશે, જેના કારણે ફરી સુધારા કરવાની જરૂર પડશે. એના કારણે વધારાનું પ્રશાસકીય ભારણ વધશે અને અનુપાલનની ગુણવત્તા ઉપર પણ અસર થશે. આ મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટેક્ષ ઓડિટ રિપોર્ટ્સ તથા સંબંધિત રિટર્ન્સ ફાઇલ કરવાની તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવાની વિનંતી કરવામાં આવી છે.